ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૭૫૪૪-૮૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/0૯/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- ધોરણ-૯ થી ૧૨માં સત્ર દીઠ એક-એક એકમ કસોટી લેવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦/૧૪૨/છ, તા.૦૯/૦૯/૨૦૨૨
(૨) GCERT નો પત્ર ક્રમાંક:જીસીઇઆરટી/સીએન્ડઈ/૨૦૨/૨૦૯૯૩-૨૧૦૦૪,તા.૧૩/૦૮/૨૦૨૫.
(3) અત્રેની તા.30/0૮/૨૦૨૫ની સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ-(૨) દર્શિત GCERTના તા.૧૩/૦૮/૨૦૨૫ના પત્રથી વર્ષ ૨૦૨૫-૨૬થી એકમ કસોટીના વિકલ્પ સ્વરૂપે પ્રાથમિક શિક્ષણ (ધો-3 થી ૮)માં ત્રિમાસિક કસોટી યોજવા અંગે પરિપત્ર કરવામાં આવેલ છે. સદર પત્રમાં જણાવ્યા મુજબ રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ સામયિક મૂલ્યાંકન(એકમ) કસોટીના વિકલ્પે ત્રિમાસિક કસોટી તથા રાબેતા મુજબ પ્રથમ સત્રાંત કસોટી લેવાની થાય છે.

શિક્ષણ વિભાગના તા.૦૯/૦૯/૨૦૨૨ના ઠરાવ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી પ્રશ્નબેંક આધારિત એકમ કસોટીઓનું આયોજન પરીક્ષા વિભાગ SSC, HSC(સા.પ્ર.) તેમજ HSC(વિ.પ્ર.) દ્વારા કરવામાં આવતું હતું. સંદર્ભ-(3) દર્શિત અત્રેની સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ થી ધોરણ-૯ થી ૧૨માં સત્ર દીઠ એક-એક એકમ કસોટી નીચે મુજબની સૂચનાઓ પ્રમાણે લેવાની રહેશે.

1. ધોરણ ૯ થી ૧૨માં દરેક વિષયની ૨૫-૨૫ ગુણની એકમ કસોટી સત્ર દીઠ એક-એક લેવાની રહેશે.
2. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રથમ સત્રમાં તારીખ ૧૧ થી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન એકમ કસોટી યોજવાની રહેશે. તેમજ બીજા સત્રની એકમ કસોટી ૨૨ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન યોજવાની રહેશે. આ અંગેનું સમયપત્રક શાળા પોતાની અનુકૂળતા મુજબ નક્કી કરી શકશે.
3. સદર કસોટી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ માસવાર અભ્યાસક્રમની ફાળવણીના આધારે પ્રથમ સત્રની એકમ કસોટી માટે ૩૧ ઓગસ્ટ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે. તેમજ બીજા સત્રની એકમ કસોટી માટે ૧૫ ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે.
4. આ એકમ કસોટી માટે માર્ગદર્શન મળી રહે તે હેતુથી નમૂનારૂપ પ્રશ્નબેંક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ભૂતકાળમાં તૈયાર કરેલ છે. આ ઉપરાંત, બીજી પ્રશ્નબેંક

પણ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે. જેના આધારે શિક્ષકે સદર ૨૫ ગુણની એકમ કસોટી પોતાની શાળાના વિદ્યાર્થીઓની કક્ષાનુસાર જાતે તૈયાર કરવાની રહેશે.શિક્ષક સદર પ્રશ્નબેંકમાંથી પ્રશ્નો પસંદ કરી શકશે તેમજ તેમાં આપેલ પ્રશ્નો જેવા બીજા પ્રશ્નો જાતે તૈયાર કરીને તેના આધારે કસોટી તૈયાર કરી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

5. લર્નિંગ આઉટકમ(L.O) ના આધારે કસોટી તૈયાર કરવાની રહેશે તેમજ તેમાં હેતુલક્ષી, અતિટૂંકજવાબી, ટૂંકજવાબી તેમજ નિબંધપ્રકારના એમ વિવિધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવાનો રહેશે.
6. સદર કસોટી અંતર્ગત શિક્ષકે તૈયાર કરેલા કસોટીપત્રો શાળાની ફાઈલે રાખવાના રહેશે.
7. આ કસોટી અલગ નોટબુકમાં લેવાની રહેશે. કસોટીની ચકાસણી થઈ ગયા બાદ વાલીને બતાવવાની રહેશે.
8. કસોટીના પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર મારફતે અલગથી આપવામાં આવશે.

ઉક્ત વિગતે રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ સત્ર દીઠ દરેક વિષયની ૨૫ ગુણની એક-એક એકમ કસોટી લેવાની રહેશે.

ઉક્ત વિગતો આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

નકલ રવાના:- (જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ)

- નાયબ નિયામકશ્રી-પરીક્ષા, (HSC – વિ.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી-પરીક્ષા, (HSC – સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી-પરીક્ષા, (માધ્યમિક વિભાગ), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર